# ક્રિમિનોલોજિસ્ટ (અપરાધશાસ્ત્રી)

અપરાધ વિજ્ઞાન એ અપરાધ તેમજ અસામાન્ય વિચલિત વર્તણૂંકનો અભ્યાસ છે. તે ગુનાના મૂળ કારણને સમજવા અને તેના અસરકારક નિવારણ માટે કામગીરી હાથ ધરે છે. અપરાધશાસ્ત્રી ગુના અને ગુના પ્રત્યેના સમાજના પ્રતિભાવનો અભ્યાસ કરે છે. તેઓ સંશોધન અને તપાસ કરે છે, ગુનાની આસપાસના ગુણાત્મક અને જથ્થાત્મક ડેટા એકત્રિત કરે છે અને તેનું વિશ્લેષણ કરે છે. આખરે સમુદાયમાં ગુના અટકાવવા માટે આંતરદષ્ટિ અને ઉકેલો પ્રદાન કરે છે. પોલીસિંગ વ્યૂહરચના અને સક્રિય પોલીસિંગ પર સૂચનો આપવા માટે ક્રિમિનોલોજિસ્ટ્સ પોલીસ અને નીતિ નિર્માતાઓ સાથે મળીને કામ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને સમસ્યાઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે સમાજ અને સંસ્કૃતિને સમજવામાં રૂચિ ધરાવો છો



**આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૮૦૦ થી ૧૨,૪૩,૦૦૦* જેટલી હોય છે**

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્ટસમા, ક્રિમિનોલોજી વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો, ત્યારબાદ ક્રિમિનોલોજીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો અને પછી ક્રિમિનલ જસ્ટિસમાં Ph.D કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ક્રિમિનોલોજિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૦૦૦ થી ૪૫,૦૦૦* જેટલું હોય છે.**

સ્ત્રોત:https://www.payscale.com/research/IN/Job=Criminologist/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તપાસ એજન્સીઓ, બી.પી.આર. એન્ડ ડી તેમજ યુ.એન.ડી.પી.ના પ્રોજેક્ટ

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સામાન્ય રીતે ઓફિસમાં રહીને કામ કરશો, પરંતુ ક્યારેક મુસાફરી કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → ક્રિમિનોલોજિસ્ટ → સિનિયર ક્રિમિનોલોજિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્રિમિનોલોજી, ક્રિમિનોલોજિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ક્રિમિનોલોજી/સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા કોલેજ, મૈસુર યુનિવર્સિટી, મૈસુર
૨. ગુરુ ગોવિંદ સિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, દિલ્હી
૩. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગાંધીનગર
૪. કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડ
૫. સરદાર પટેલ યુનિવર્સિટી ઓફ પોલીસ, સિક્યોરીટી એન્ડ ક્રિમિનલ જસ્ટીસ, જોધપુર
૬. લખનૌ યુનિવર્સિટી, લખનૌ
૭. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગુજરાત
૮. બેંગ્લોર યુનિવર્સિટી, બેંગલુરૂ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. ઈન્સ્ટિટ્યુટ ઓફ રિસર્ચ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, થાણે
૩. માનસરોવર ગ્લોબલ યુનિવર્સિટી, ભોપાલ
૪. વિલિયમ કેરી યુનિવર્સિટી, શિલોંગ
૫. છત્રપતિ શિવાજી મહારાજ યુનિવર્સિટી, નવી મુંબઈ
૬. સી.યુ.શાહ યુનિવર્સિટી, સુરેન્દ્રનગર
૭. આચાર્ય ઈન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરૂ
૮. ઓ. પી. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટી, સોનીપત

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

પ્રોફેસર **આર. રોચિન ચંદ્ર** સેન્ટર ફોર ક્રિમિનોલોજી એન્ડ પબ્લિક પોલિસીના નિયામક છે, જ્યાં તેઓ ચીફ ક્રિમિનોલોજિસ્ટ તરીકે ફરજ બજાવે છે. આ પહેલા તેઓ રાજસ્થાન જેલ વિભાગમાં એક્સ કેડર પોસ્ટ પર કામ કરતા હતા. ત્યાં રહીને, તેઓ સુધારણા માટે જવાબદાર અધિકારીઓની તાલીમ અને ક્ષમતા નિર્માણ તેમજ જેલની પુનર્વસન નીતિઓની સમીક્ષા માટે જવાબદાર હતા. શ્રી રોચિને કાઉન્ટર ટ્રાફિકિંગ ગ્રૂપ (કોલોરાડો, યુ.એસ.), ઈન્ટરનેશનલ જસ્ટિસ મિશન (ચેન્નઈ), સાઉથ એશિયન સોસાયટી ઓફ ક્રિમીનોલોજી એન્ડ વિક્ટિમોલોજી, ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ સાયન્સ અને યુનિસેફ સાથે મુખ્ય નીતિ વિષયક મુદ્દાઓ પર પણ કામ કર્યું છે. *

સ્રોત:http://ccppindia.org/people/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.